# NHS ટેસ્ટ અને ટ્રેક એપ ડાઉનલોડ કરવા માટે એન્ડ્રોઇડ માર્ગદર્શિકા

NHS
Test and Trace




તમારો ફોન અનલોક કરો. "પ્લે સ્ટોર" નામની એપ્લીકેશન શોધવા માટે તમારા ફોનમાં સ્ક્રોલ કરો. એપ્લીકેશન ઉપરની ઇમેજ જેવી દેખાય છે. તેને ચાલુ કરવા તેના પર ટેપ કરો.




સ્ક્રીનની ઉપર તમને એક સર્ચ બોક્સ જોવા મળશે જ્યાં "સર્ચ ફોર એપ્સ એન્ડ ગેઇમ્સ" લખેલ હશે. આ સર્ચ બોક્સને ટેપ કરો.




“NHS COVID-19” ટાઇપ કરો. સર્ચ બોક્સની નીચે તમે પરિણામોનું લિસ્ટ જોશો. "NHSCOVID-19" નામ પર ટેપ કરો.




તમારી સ્ક્રીન પર તમે હવે NHS ટેસ્ટ અને ટ્રેસ એપની વિગતો જોઈ શકો છો. "ઇન્સ્ટોલ" બટન પર ટેપ કરો.




જો આ કામ નથી કરતું, તો માર્ગદર્શન માટે NHS ટેસ્ટ અને ટ્રેસ વેબસાઇટ **www.covid19.nhs.uk** “Trouble-shooting” ની મુલાકાત લો.




હવે બ્લૂટૂથ ચાલુ કરવાનો સમય છે જેથી એપ્લીકેશન કામ કરી શકે. આમ કરવા માટે, પ્રથમ "સેટિંગ્સ" એપ્લીકેશન શોધો અને તેના પર ટેપ કરો.




તમારા ફોનના મોડેલ મુજબ “કનેક્ટેડ ડીવાઈસીસ” અથવા “કનેક્શન્સ” શોધવા માટે લિસ્ટને નીચે સ્ક્રોલ કરો અને તેના પર ટેપ કરો.




ત્યારબાદ, લિસ્ટને નીચે સ્ક્રોલ કરો. કાં તો "કનેક્ટેડ પ્રેફરન્સીસ" અથવા "બ્લૂટૂથ" શોધો અને તેના પર ટેપ કરો.

# NHS ટેસ્ટ અને ટ્રેક એપ ડાઉનલોડ કરવા માટે એન્ડ્રોઇડ માર્ગદર્શિકા

NHS
Test and Trace




જો તમે છેલ્લા પગલામાં "કનેક્ટેડ પ્રેફરન્સીસ" ટેપ કર્યુ છે, તો હવે "બ્લૂટૂથ" શોધો અને તેના પર ટેપ કરો. જો તમે બ્લૂટૂથ પર ટેપ કર્યુ છે, તો તમારે આ વધારાના પગલાની જરૂર નહીં રહે.




જમણી બાજુ સ્લાઇડર પર ટેપ કરીને બ્લૂટૂથ ચાલુ કરો. જો સ્લાઇડરનો કલર બદલાય છે તો તમે જોઈ શકો છો કે તે ચાલુ છે.




તમારા હોમ બટનને દબાવો અથવા તમારા ફોનની હોમ-સ્ક્રીન પર પાછા આવવા માટે સ્વાઇપ કરો જ્યાં તમે તમારી બધી એપ્લીકેશન જોઈ શકો છો. NHS ટેસ્ટ અને ટ્રેસ એપ શોધો અને તેને ચાલુ કરવા તેના પર ટેપ કરો.




એપ્લીકેશનના સેટઅપને સમાપ્ત કરવાનાં પગલાં અનુસરો. આમાં "એક્સપોઝર લોગીંગ" ને પરવાનગી આપવાનું શામેલ છે જેનો ઉપયોગ તમને જોખમ છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે થાય છે.




જ્યારે તમે સેટ-અપ પુરૂં કરશો ત્યારે તમારી NHS ટેસ્ટ અને ટ્રેસ એપ હવે દેખાશે અને ચાલશે.




તમે તમારા ફોનનો સામાન્યરૂપે ઉપયોગ કરી શકો છો, જો કે તે સુનિશ્ચિત કરો કે એપ્લીકેશન બેકગ્રાઉન્ડમાં ચાલુ રહે અને બ્લૂટૂથ ચાલુ રહે. એપ્લીકેશન તમારા લોકેશનને ટ્રેક નહીં કરે.